**અમદાવાદનાં મહે.અધિક ચીફ મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૦ માં.**

**ક્રિમીનલ કેસ નં.૭૯૮૭૪/૨૦૨૦**

**આંક:–૦૧ અન્વયે હુકમ**

આ કામના ફરીયાદીના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા, કેસનું રેકર્ડ ધ્યાને લીધું. આ કામે ફરીયાદી મહેન્દ્ર ઉર્ફે મનીષ ગોપાલભાઈ શર્મા એ રજુ કરેલ વિથડ્રો પુરસીસ ધ્યાને લીધી. આ કામે ફરીયાદી મહેન્દ્ર ઉર્ફે મનીષ ગોપાલભાઈ શર્મા એ તા.૧૨.૧૦.૨૦૧૭ ના રોજ હાલની ફરીયાદ અત્રેની કોર્ટ રૂબરૂ રજુ કરતાં તે દિવસે ફરીયાદીનું વેરીફીકેશન નોંધવામાં આવેલ અને ક્રિ . પ્રો કોડની કલમ ૨૦૨ અન્વયે પોલીસ તપાસ કરવાનો હુકમ કરવામાં આવેલ ત્યારબાદ સંબધિત પોલીસ સ્ટેશન ધ્વારા ક્રિ પ્રો કોડની કલમ – ૨૦૨ મુજબનો રીપોર્ટ રજુ થયા બાદ તા.૨૮/૧૨/૨૦૨૦ ના રોજ ક્રિમીનલ ઈન્કવાયરી નંબર ૫૦૦૫ /૨૦૧૭ માં હુકમ કરવામાં આવેલ અને આરોપીનં ૧ ચેતના દુબે આરોપી નં. ૨ રાજીવ નયન દુબે આરોપી નં. ૪ કિશોર મહાદેવપ્રસાદ સામે ઈ. પી. કો. કલમ–૪૦૬,૪૧૭,૪૨૦,૪૯૪,૪૯૫,૩૮૦,૧૨૦(બી) મુજબના ગુનાના કામે સમન્સ કાઢવાનો હુકમ થયેલ ત્યારથી આજદીન સુધી આરોપીઓને પ્રોસેસની બજવણી થયેલ નથી ત્યારબાદ મુળ ફરીયાદી મહેન્દ્ર ઉર્ફે મનીષ ગોપાલભાઈ શર્મા ધ્વારા હાલની અરજી આપવામાં આવેલ છે. જેમાં આરોપીઓ સામેની ફરીયાદ આગળ ચલાવવા માંગતા ન હોય, ફરીયાદી આ કેસ પરત ખેંચવાની પુરસીસ આપી જાહેર કરતાં

હોવાનું જણાવેલ છે જે પુરસીસમાં તેમના વિ. વકીલશ્રી એ પુરસીસ રજુ કરનાર ફરીયાદીને ઓળખી બતાવેલ છે. જેથી આ કામે ફરીયાદી મહેન્દ્ર ઉર્ફે મનીષ ગોપાલભાઈ શર્મા નાઓ હાલની ફરીયાદ આગળ ચલાવવા માંગતા ન હોય, જેથી સદર કેસ આથી વિથડ્રોથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૧૨મી, માહે–માર્ચ, સને–૨૦૨૨ નાં રોજ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

તા.૧૨/૦૩/૨૦૨૨
અમદાવાદ

**(વિનયકુમાર દશરથલાલ મોઢ)**
અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૦,અમદાવાદ.
(જી.જે.૦૧૦૩૩ )